ધાનેરામાં વિકાસના નામે વૃક્ષોનું કટિંગ : લોકોના જીવ જોખમમાં

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં વિકાસના નામે વૃક્ષોનું કટિંગ થઇ રહ્યું છે અને તે પણ લોકોના જીવના જોખમે જાહેર રસ્તા પર કોઈ પણ જાતની સુરક્ષા રાખ્યા વગર મોટા મોટા વૃક્ષો ધરાશયી કરી રહ્યા છે. વૃક્ષો વાહન કે લોકો ઉપર પડે તો મોટી

જાનહાની સર્જાવાના એંધાણ દેખાઈ રહ્યા છે.

ધાનેરા-ડીસા હાઇવે રોડ ઉપર આવેલા જલારામ મંદિર સામે લીમડાના ચાર મોટા વૃક્ષો આવેલા છે અને તે વૃક્ષો આજે રોડ પહોળો કરવાના બદલે કટિંગ કરવામાં આવી રહ્યાં છે ત્યારે પ્રાયવેટ લોકો ધ્વરા આ વૃક્ષોને એવી રીતે કટિંગ કરી રહ્યા છે કે જો વૃક્ષ કોઈ વાહન કે વ્યક્તિ ઉપર પડે તો મોટી જાનહાની સર્જાઈ શકે તેમ છે. તંત્ર ધ્વરા ચાર લીમડાના ઝાડની હરાજી કરી વેચી દેવામાં આવ્યા છે પરંતુ ઝાડ કટિંગ કરવાની સમયે કોઈ તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે જોવા નથી મળી રહ્યાં અને પ્રાયવેટ લોકો માણસોના જીવના જોખમે વૃક્ષો કટિંગ કરી રહ્યા છે આ વૃક્ષોની આજુ બાજુ વીજલાઇન પણ પસાર થઈ રહી છે અને આજુ બાજુ મોટી ગેરેજો તેમજ હોટલો આવેલી વૃક્ષોના લીધે શોર્ટ સર્કિટ થવાનો પણ ખતરો દેખાઈ રહ્યો છે માટે તંત્ર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચે નહીંતર કોઈપણ જાતની હોનારત સર્જાય કે કોઈ અણબનાવ બને તેના માટે જવાબદાર કોણ?

અરવલ્લી જિલ્લા ભાજપની સંકલન સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા.૨૫

અરવલ્લી જિલ્લા ભાજપની સંકલન સમિતિની બેઠક પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં દરેક તાલુકામાંથી ૩ મુજબ છ જેટલા એટીવીટીના બિન સરકારી સભ્યોની પસંદગી કરવામાં આવી હતી અને તે અંગે કરવામાં આવેલ ભલામણ અનુસાર જિલ્લા ભાજપ પ્રમુખ પ્રમુખ રણવીરસિંહ ડાભી દ્વારા આ મુજબ ઈટીવીના સભ્યો સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે જેમાં તાલુકા વાર આ મુજબ છે.

જેમાં મોડાસા તાલુકામાં વસંતભાઈ અમીચંદભાઈ પટેલ, સુરેશભાઈ કે. તરાર અને કરણસિંહ છગનસિંહ સિસોદિયાનો સમાવેશ થાય છે. જ્યારે ધનસુરા તાલુકામાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, અનિલભાઈ રમણભાઈ પટેલ, દોલતસિંહ બાવસીસિંહ સોલંકી જ્યારે બાયડ તાલુકામાં કમલેશભાઈ વશરામભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ ઝાલા અને જીતેન્દ્રભાઈ કે. પટેલ,માલપુર તાલુકામાં સંજયભાઈ ડાહ્યાભાઈ પટેલ, ધીરુભાઈ ગલબાભાઈ ખાંટ અને સંજયભાઈ અમૃતલાલ જયસ્વાલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મેઘરજ તાલુકામાં જીજ્ઞેશભાઈ શ્રીકૃષ્ણપ્રસાદ પંડ્યા, મોતીસિંહ કે. ચૌહાણ અને યોગેશભાઈ કનુભાઈ પટેલનો સમાવેશ થાય છે.

જ્યારે ભિલોડા તાલુકામાં પ્રેમજીભાઈ માવજીભાઈ ડામોર પ્રવિણસિંહ મદનસિંહ જાડેજા અને લખાભાઈ બાલાભાઈ તરાળનો સમાવેશ થાય છે.

મહત્વ આપજો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે વીસ વર્ષ કરતાં પણ વધુ સમયથી રાજ્યમાં ભાજપનું શાસન છે પરંતુ પંચાયતમાં તો કોંગ્રેસ આજે પણ અડીખમ છે.

તેમણે કહ્યુ કે વિકાસની ભ્રામક વાતો અને મહિલા સશક્તિકરણને નામે મહિલા મતદારોના મત લાગણી ઉભી કરી લેવાની વાતનો છેદ તો કોંગ્રેસના સ્વ. રાજીવ ગાંધીએ ઉડાવ્યો હતો. ૧૮ વર્ષે મતાધિકાર અને સત્તામાં મહિલાઓની ભાગીદારીનો નિર્ણય તેમણે બંધારણમાં સુધારો કરી આપ્યો છે.

આ પ્રસંગે ડૉ. ચાવડાએ લોકસભાની ચૂંટણીમાં ભાજપને જાકારો આપવા માટેની કટિબદ્ધતા સાથે સૌને કામે લાગી જવા માટે કહ્યુ હતુ.

માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે પણ ડૉ. ચાવડાના સૂરમાં સૂર પુરાવતાં કહ્યુ હતુ કે જિલ્લો ત્રણ લોકસભા બેઠકમાં વિભાજીત થયેલો છે ત્યારે આ ત્રણેય બેઠકો પર આપણે અસરકારક અને મજબુત પરિબળ તરીકે ઉભરવાનો મોટો પડકાર છે જે કાર્યકરોએ ઉપાડવાનો છે. નવા વરાયેલા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી જિલ્લાના સંતુલિત વિકાસની નેમ રાખવા સૂચવ્યુ હતુ.

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં નાનામાં નાના માણસની લાગણી અને વાતને ધ્યાને રાખી તેના ઉકેલમાં મન રાખવાની શીખ આપી હતી. તેમણે કહ્યુ કે જિલ્લામાં કોંગ્રેસ એક પરિવારના સભ્ય જેવી છે તેનો વિસ્તાર કરવાની જવાબદારી આપણા સૌની છે. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પૂર્વ પ્રમુખ જશુભા રાણાએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

પદભાર સમારંભમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિલ્લા પંચાયતના નિરિક્ષક અને પેટલાદના ધારાસભ્ય નિરંજનભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ જશુભા રાણા, ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, સુરેશભાઈ પટેલ, કામીનીબા રાઠોડ, પ્રદેશના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, પ્રદેશ મંત્રી બાબુસિંહ ઠાકોર, વિરેન્દ્રસિંહ વાઘેલા, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનો, તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખો, તાલુકા પંચાયત નગરપાલિકાના પ્રમુખ/નેતાઓ, જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતના તમામ સદસ્યો તેમજ કોંગ્રેસી કાર્યકરોની ઉપસ્થિતિમાં શ્રીમતી મંગુબેન શનાભાઈ ચૌધરી(પટેલ)એ જિલ્લા પંચાયતમાં પારદર્શક વહીવટ કરીને વિકાસ કાર્યો જડપથી કરી સમગ્ર જિલ્લાનો સમતોલ વિકાસ કરવાની નેમ સાથે જિલ્લા પંચાયતના ૨૮માં પ્રમુખ તરીકે પદભાર સંભાળ્યો હતો. ઉપસ્થિત સૌ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો-કાર્યકરોએ પ્રમુખ/ઉપપ્રમુખને ફૂલહાર, પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ કર્યું હતું.

પંચાયત એટલે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલે સુવિધા એક તરફી નહિ બધાને સાથે રાખીશ અને બધાના પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કરીશ.

પ્રશ્ન : તમારા પક્ષમાં કેટલાક સભ્યો નારાજ છે ?

મંગુબેન : એ તમારૂ માનવુ છે મારી નિયુક્તી વખતે પક્ષના તમામ સભ્યો હાજર હતા અને જ્યારે અમને વિજેતા જાહેર કરાયા ત્યારે રામાજી ઠાકોરે જ કલેક્ટરને મારો પરિચય કરાવ્યો હતો. આવી વાતો તમને કેમ નથી દેખાતી. બધાજ સભ્યો કોંગ્રેસના એક છે અને કોંગ્રેસ એક ટીમ બનીને કામ કરશે. આજે સમારોહમાં પણ નાનામાં નાના કાર્યકરથી લઈ ચાર ધારાસભ્યો, પૂર્વધારાસભ્યો પક્ષના હોદ્દેદારો, મહિલા કોંગ્રેસના પ્રભારી, કાઉન્સીલરો સહિત બધાજ હાજર હતા. કોંગ્રેસ એક છે અને રહેશે એટલુ જ નહિ તેની મજબુતી એ જ અમારૂ લક્ષ્ય છે.

શામળાજી આશ્રમ નજીક ૬ માર્ગીય રોડ નિર્માણ માટે ડિમોલેશનની કામગીરીનો સ્થાનિકો દ્વારા વિરોધ

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ ચાર માર્ગીય રોડમાંથી ૬ માર્ગીય રોડનું નિર્માણ હાથ ધરવામાં આવતા તંત્ર દ્વારા કલેક્ટરના આદેશ મુજબ નેશનલ હાઈવે ઑથોરિટી અને તંત્ર દ્વારા રોડની બંને બાજુએથી દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાતા રોડની બંને બાજુ રહેઠાણ અને ધંધા રોજગાર દૂર કરાતા રહેઠાણ ધરાવતા અને ધંધો રોજગાર કરતા લોકોએ ડિમોલેશનની કામગરીની વિરોધ કરી તંત્ર અને હાઈવે ઑથોરિટીના મિલીભગતના લીધે ગરીબોને ભોગ બનવું પડતું હોવાની અને ડિમોલેશનની કામગીરી અટકાવવા માટે માંગ કરી હતી.

હિંમતનગરમાં જમાઅતે ઇસ્લામી હિંદનો 'ઈદ સ્નેહમિલન' યોજાયો

સ્નેહ, સોહાર્દ અને સહિષ્ણુતાની દિવ્ય પ્રેરણા અર્પતા મહાન અને દિવ્ય પર્વ ઈદ નિમિત્તે હિંમતનગર શહેર સહિત સમગ્ર રાષ્ટ્રમાં શાંતિ અને સૌહાર્દ કાયમ રહે તેવા ઉમદા હેતુસર હિંમતનગરમાં રવિવારે સવારે મહાવીરનગરમાં આવેલા રોટરીભવનમાં જમાઅતે ઇસ્લામી હિંદ અને રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે એક ઈદ સ્નેહમિલનનું આયોજન જિલ્લા પોલીસ અધિક્ષક સૌરભસિંઘની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. જો કે, કેટલાક અનિવાર્ય સંજોગોને લઈને જિલ્લા પોલીસ અધિક્ષક કાર્યક્રમમાં હાજર રહી શક્યા નહોતા. કાર્યક્રમમાં જમાઅતે ઇસ્લામી હિંદના મો.શફી મદની, રોટરી ક્લબના ડૉ. શશાંક રાઠોડ અને રૉ. દીપકભાઈ પંડ્યા તેમજ વિદ્યાનગરીના પ્રમુખ ડો.ડી. એલ.પટેલ અને હરસોલિયા મોટર્સના બાબાભાઈ હરસોલિયા સહિત સમગ્ર શહેરમાંથી ૧૫૦થી વધારે બુદ્ધિજીવીઓ અને શ્રેષ્ઠીઓ ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સૌ ભોજન લઈ પારસ્પરિક ઈદની શુભેચ્છાઓ આપી છુટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જમાઅતે ઇસ્લામી હિંદના ડૉ. ફારૂક મેમન અને મો. ઐયુબ મેમન તેમજ રોટરી ક્લબના રૉ. મેહુલભાઈ કોઠારી અને રૉ. પ્રશાંતભાઈ વ્યાસે કર્યું હતું.

સાથે સાથે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- સમારંભમાં મંગુબેન ચૌધરીના પતિ શનાભાઈ ચૌધરીએ જ્યારે તેમનુ હાર પહેરાવી સન્માન કર્યુ ત્યારે કોંગ્રેસ ઝિંદાબાદની ચીચીયારીઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.
- ૧૨.૩૯ મિનિટે પ્રમુખ મંગુબેન ચૌધરીએ ખુરશીમાં બેસી પદભાર સંભાળ્યો ત્યારે પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, મહિલા સદસ્યો ગીતાબેન પટેલ, કીર્તિબેન પટેલ, મહિલા કોંગ્રેસના પ્રભારી વેણુબેન, પંચાયતના મહિલા સદસ્યાઓ આશાબા રાઠોડ, રાજીબેન, શારદાબેન મકવાણા, શહેરના કાઉન્સીલર મીનાબા વાઘેલા, શહેર કોંગ્રેસના કપિલાબેન ચાવડા, ધર્મિષ્ઠાબેન મકવાણા, હંસાબેન પરમાર ઉષાબેન પુરોહિત, તા.પં.ના કો. ઓપ્ટ સભ્ય મેનાબેન સહિતના કાર્યકરોએ કોંગ્રેસ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા.
- ખુરશીમાં બેઠા બાદ ભગવાનને ધરાવેલી કાજુ કતરી અને ગોળ ધાણા કાર્યકરોને વહેંચાયા હતા.
- આ પછી ઉપપ્રમુખ ભરતભાઈ પટેલની ચેમ્બરમાં બધા આગેવાનો ગયા હતા. જ્યાં તેમણે ખુરશીમાં સ્થાન લીધુ ત્યારે પ્રમુખ મંગુબેન, શિવરામભાઈ ચૌધરી, કનુભાઈ ચૌધરી, બળદેવજી ઠાકોર, માનસિંહ ઠાકોર, ભાવિનસિંહ ઠાકોર, બેચરજી ઠાકોર, કાળુસિંહ રાઠોડ, શનાભાઈ ચૌધરી, ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, અરવિંદસિંહ સોલંકી, અજીતસિંહ રાઠોડ, કામીનીબા રાઠોડ, જગતસિંહ, શંકરભાઈ ચૌધરી, ગીતાબેન પટેલ, કીર્તિબેન પટેલ, નાથુજી મકવાણા, સુમનભાઈ તેમજ કાર્યકરોએ હર્ષોલ્લાસ સાથે નિમણુંકને વધાવી હતી જ્યાં કાર્યકરોને પેંડાનો પ્રસાદ અને ગોળ-ધાળા વહેંચાયા હતા.
- સમારોહમાં ઉપસ્થિત સૌ કાર્યકરોને લાડુ દાળ ભાત શાક અને પુરીનું ભોજન પિરસવામાં આવ્યુ હતુ.
- આજના સમારોહના પ્રારંભમાં વંદેમાતરમ્‌નું ગાન અને સમાપનમાં રાષ્ટ્રગીત જનગણમન ગવાયું હતું.
- પંચાયતમાં આ માટે ખાસ સ્ટેજ બનાવવામાં આવ્યુ હતુ તેમાં કાર્યકરોને બેસવા માટે સોફા-ખુરશીઓની પણ વ્યવસ્થા કરાઈ હતી.

પધરામણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. મોડી સાંજ સુધી સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. જયારે વરસાદના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી હતી. મહત્તમ તાપમાન પણ ગગડીને ૩૦.૬ ડી ગ્રી પહોંચી ગયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૫ ડી ગ્રી રહયુ હતુ. સાંજે ભેજનુ પ્રમાણ ૯૭ ટકા સુધી નોંધાયુ છે. આકરી ગરમી વચ્ચે વરસાદનુ આગમન થતા નગરજનોમાં ખુશીની લહેર વ્યાપી હતી. જયારે વાતાવરણ પણ ખુશનુમા બની ગયુ હતુ.

રથયાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. સે-૨૯ જલારામ ખાતે ભગવાનના મોસાળામાં ભાવિકો માટે મહાપ્રસાદનુ પણ આયોજન કરવામાં આવશે. રથયાત્રા દરમિયાન ચોકક્સ જાતિ, જુથ કે રાજકીય બેનર્સનો ઉપયોગ થઈ શકશે નહીં તેમ પણ રથયાત્રા સમિતિના મંત્રી ડો દિનેશ કાપડીયાએ જણાંવ્યુ છે. ૧ જુલાઈના રોજ રાત્રે ૮ :૩૦ કલાકે પંચદેવ મંદિર ખાતે રથયાત્રા કમિટીની બેઠક યોજવામાં આવશે. રથયાત્રા દરમિયાન ધાર્મિક સિવાય અન્ય કોઈપણ પ્રકારના અપ્રસ્તુત સુત્રો ન બોલવા માટે પણ જણાંવાયુ છે.

કેન્ટીનને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતી કેન્ટીનને પણ નવા રૂપરંગ આપવામાં આવી રહયા છે. હાલ બ્લોક નં-૧૩ની કેન્ટીનનુ કામ ચાલી રહયુ છે એક દાયકા જુની આ સરકારી લુક ધરાવતી કેન્ટીનને નવો લુક આપવામાં આવશે. જેમાં કેન્ટીનની દિવાલો પર અવનવા પેઈન્ટીંગ તેમજ લટકતી કલરફુલ લાઈટો પણ જબુકશે. રબર વુડ ફર્નિચર સાથે મોટી વિન્ડોના લીધે કર્મચારીઓને હવે અદ્યતન કેન્ટીનમાં રેસ્ટોરન્ટ કે હોટલ જેવો અહેસાસ થશે. કેન્ટીનનો પ્રવેશદ્વાર પણ અદ્યતન બનાવાશે. આ કેન્ટીસમાં એ સી ફીટ કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે કેન્ટીનમાં અત્યાર સુધી એક જ વસ્તુ મળતી હતી તેના બદલે જુદી જુદી ખાદ્યસામગ્રીના અલગ અલગ સ્ટોલ પણ ઉભા કરાશે.

મુખ્યપ્રધાન વિજય રૂપાણી આજે ઈઝરાયેલ પહોંચશે

કૃષિ રાજ્યમંત્રી સહિત ૮ વરિષ્ઠ અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ પણ જોડાશે : ભારતીય સમુદાય સાથે સ્નેહમિલન

અમદાવાદ,તા.૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલ ૨૬ જૂન મંગળવારથી છ દિવસ માટે ઈઝરાયલના પ્રવાસે જશે. વિજય રૂપાણીએ ગુજરાતના મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યા બાદની તેમની પ્રથમ વિદેશ મુલાકાત છે. મુખ્યમંત્રી સાથે કૃષિ રાજ્યમંત્રી જયદ્રથસિંહજી પરમાર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ પણ ઈઝરાયલ જઈ રહ્યું છે. મુખ્યમંત્રી અને આ પ્રતિનિધિમંડળના સમગ્ર ઈઝરાયલ પ્રવાસ દરમિયાન કૃષિ અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ઈઝરાયલની અદ્યતન ટેકનોલોજી અને અનુભવો વિષયક જ્ઞાન-માહિતીનો વિનિયોગ કેન્દ્રસ્થાને રહેવાનો છે.

ભારત અને ઈઝરાયલના રાજદ્વારી સંબંધોના સફળ ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીની આ ઈઝરાયલ મુલાકાત સવેળાની અને મહત્વપૂર્ણ બની રહેશે. વિજય રૂપાણીની અધ્યક્ષતામાં ઈઝરાયલ જનારુ આ પ્રતિનિધિમંડળ ઈઝરાયલના કૃષિ પ્રધાન યુરી એરિઅલ, વિદેશ તથા આંતરરાષ્ટ્રીય સહકાર પ્રધાન ગીલ હસ્કેલ અને આર્થિક બાબતો તથા ઉદ્યોગ મંત્રાલયના પ્રધાન ઈલી કોહેન સાથે દ્વિપક્ષીય બેઠકો યોજશે તથા ઈઝરાયલ સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ ચર્ચા-વિચારણા કરશે.

આ ઉપરાંત મુખ્યમંત્રી વિજય રૂપાણી ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ, એલ્બિટ સિસ્ટમ્સ, મોબિલઆઈ કોર્પોરેશનની મુલાકાત લઈને મેક ઈન ગુજરાતના ભાગરૂપે ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે પારસ્પરિક સહયોગના અવસરોની સંભાવનાઓ ચકાસશે. આ યાત્રા દરમિયાન ગુજરાતનું પ્રતિનિધિમંડળ વોટર ટેકનોલોજિઝ અને ઈનોવેશન્સનો ગહન તાગ મેળવવા ઈઝરાયલમાં ડેન રિજિયન વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સોરેક ડિસેલિનેશન પ્લાન્ટ, નાનડેન જૈન ઈરિગેશનની મુલાકાત લેવાનું છે. ઈઝરાયલ પણ કૃષિ ટેકનોલોજી ક્ષેત્રે પોતાના નવિનતમ આવિષ્કારોથી આ પ્રતિનિધિ મંડળને માહિતગાર કરશે. ઉલ્લેખનીય છે કે કૃષિ ક્ષેત્ર એ ભારત અને ઈઝરાયલ વચ્ચેની ભાગીદારીનું મહત્વનું ક્ષેત્ર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક બમણી કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે તેની પૂર્તતા માટે કૃષિ ક્ષેત્રની ઉત્પાદકતા અને નફાકારકતા વધારવા ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે તેવા સમયે વિજય રૂપાણીની અધ્યક્ષતામાં પ્રતિનિધિમંડળની આ મહત્વપૂર્ણ ઈઝરાયલ મુલાકાત યોજાઈ રહી છે. અન્ને એ નિર્દેશ કરવો જરૂરી છે કે ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતાન્યાહૂની તાજેતરની ભારતની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયલી પ્રધાનમંત્રીએ સંયુક્તપણે કૃષિ અને જળ ક્ષેત્રમાં પાંચ વર્ષ માટે સહયોગ આયોજનની ઘોષણા કરી હતી.

અરવલ્લી જિલ્લા સહકારી સંઘની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજરોજ મળેલી બેઠકમાં મોડાસા સહકારી જીનના ડિરેક્ટરપદે ચૂંટાયેલા આ સંઘના ડિરેક્ટર પ્રેમજીભાઈ બી. પટેલનું સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બોર્ડના ડીરેક્ટરો વિનોદચંદ્ર શાહ, ગુલાબચંદભાઈ પટેલ, બાબુભાઇ એમ. પટેલ, હસમુખભાઈ પટેલ, રાજુભાઇ પટેલ સહિતના ડિરેક્ટરો તેમજ એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈ બેહાલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર અને અન્ય વાહનો દટાઈ ગયા હતા. ઉલ્લાસનગરમાં પણ દિવાલ ધરાશાયી થતાં એક બાળકનું મોત થયું હતું. વાડોલ ગામમાં વહેલી પરોઢે મકાનની દિવાલ તુટી પડતા બાળકનું મોત થયું છે. આજે એન્ટોપ હિલ વિસ્તારમાં ભારે વરસાદ વચ્ચે જમીન ધસી ગઈ હતી જેના લીધે ભારે અફડાતફડીનો માહોલ રહ્યો હતો. અનેક કારો કાટમાળમાં ફસાઈ ગઈ હતી. એનડીઆરએફ અને ફાયર બ્રિગેડની ટીમે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હતી. આજે સવારે ભારે વરસાદના લીધે ચારેબાજુ જનજીવન ખોરવાઈ ગયું હતું. જે વિસ્તારમાં પાણી ભરાયું હતું તેમાં ધારાવી, સાયન, બાંદ્રા, કુર્લા, ચેમ્બુરનો સમાવેશ થાય છે. ચેમ્બુર ઈસ્ટની પોસ્ટલ કોલોનીમાં લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા હતા. દાદરના ટીટી સર્કલ અને હિંદમાતામાં પાણી ભરાઈ ગયા હતા. ખાર, અંધેરી, મલાડમાં પાણી ભરાઈ જતાં ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ચુનાભટ્ઠી, વડાલા, ગામદેવી, શાંતાક્રુઝ, ચેમ્બુર, લીકરોડ પર પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. સતત ત્રણ દિવસથી ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદથી માઠી અસર થઈ છે. વેસ્ટર્ન રેલવે, સેન્ટ્રલ રેલવેના ટ્રેક ઉપર પાણી ફરી વળ્યા છે.

મેઘાનો કહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દક્ષિણ ગુજરાતમાં શનિવારથી શરૂ થયેલો વરસાદ આજે સતત ત્રીજા દિવસે યથાવત રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ઉમરગામમાં સૌથી વધુ ૨૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે વલસાડ-વાપીમાં છેલ્લા ૭ કલાકમાં ૯ ઈંચ સહિત જિલ્લાના તમામ તાલુકાઓમાં ભારે વરસાદ પડ્યો છે. જેના પગલે ટ્રેન અને વાહન વ્યવહારને અસર પહોંચી છે. જ્યારે સુરત જિલ્લામાં બારડોલી અને કામરેજમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. બારડોલીમાં ૩ ઈંચ અને કારમેજમાં ૩.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. અને સુરતમાં વહેલી સવારે બે કલાકમાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો છે.

વલસાડ જિલ્લામાં ભારે વરસદાના પગલે ઉમરગામમાં આવેલું તળાવ ઓવરફ્લો થયું હતું. જેથી આસપાસના ગામમાં તળાવના પાણી ફરી વળ્યા હતા. જ્યારે ૩૦ કલાકમાં વરસેલા ૨૫ ઈંચ વરસાદના પગલે સોસાયટીઓમાં અને રોડ પર પાણી ફરી વળ્યા હતા. નેશનલ હાઈ-વે પણ પ્રભાવિત થયો હતો. જ્યારે રેલવે ટ્રેક પર પાણી ફરી વળતા મોટા ભાગની ટ્રેનો લેટ ચાલી રહી છે. નવસારી જિલ્લાના દરેક તાલુકામાં ૫ થી ૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ત્યારે નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપ થી પસાર થતા વાહન ચાલકોને દિવસે લાઈટ ચાલુ કરીને પોતાના નિયત સ્થળે પહોંચવાની ફરજ પડી છે. પ્રથમ વરસાદથી જ હાઈવે ઉપર તેમજ ગામોમાં કેટલાક રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે. નવસારીમાં ભારે વરસાદના કારણે રેલ વ્યવહારને અસર થયો છે.

વડોદરામાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ ભારે વરસાદ નોંધાયો હતો. વડોદરા ઉપરાંત રાજ્યના અન્ય ભાગોમાં પણ ધોધમાર વરસાદ પડ્યો છે. ભરુચમાં ધોધમાર વરસાદ વચ્ચે ઝઘડિયામાં ટ્રેક્ટર પલટી જતાં અફડાતફડી મચી ગઈ હતી. બીજી બાજુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્રને ભારે વરસાદના પગલે એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે. જુદા જુદા વિસ્તારમાં નોંધપાત્ર વરસાદ થઈ રહ્યો છે. રાજ્યમાં એનડીઆરએફની ટીમોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. વડોદરામાં ચાર, સુરતમાં એક, અમરેલીમાં ૧, ગાંધીનગરમાં ત્રણ, હિંમતનગરમાં એક ટીમ ગોઠવી દેવામાં આવી છે. વલસાડમાં સતત વરસાદ થઈ રહ્યો છે. હવામાન ખાતા દ્વારા આગામી ૪૮ કલાકમાં સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. જે આગાહી મુજબ, વડોદરામાં પણ વહેલી સવારથી જ વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું અને બપોરે દોઢેક વાગ્યાની આસપાસ તો ઠંડો પવન ફુંકાવાની સાથે ભારે ગાજવીજ અને વીજળીના કડાકા અને ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડયો હતો. વરસાદ શરૂ થતાં જ શહેરીજનો ખુશખુશાલ થઈ ગયા હતા પરંતુ વરસાદની તીવ્રતા જોરદાર હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વ